**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ સમક્ષ.**

**રીકવરી (સી–૧) અરજી નં. ૩૯/૨૦૨૫**

**આંક–૧૧**

અરજદાર – મનોજ પ્રવિણચંદ્ર ગોઠી,
હે.કડીયા શેરી, મોટો ટાંકવાડો, પાટણ.

**// વિરૂધ્ધ //**

સામાવાળા – શ્રી પાટણ જૈન પંચાસરા ફંડ સંચાલિત,
શ્રી પાટણ જૈન ભોજનશાળા,
હે.ટાંગડીયાવાડો, પીપળાશેરી, પાટણ.

**વિષય – ઔધોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૧) હેઠળ વસુલાત અરજી.**

<u>પ્રતિનિધિત્વ</u> –
અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી એમ.એચ.ઠાકર.
સામાવાળા તરફે – ગેરહાજર.

## :– ચુકાદો –:

**(૧)** હાલના અરજદારે આ અરજી ઔધોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૧) હેઠળ દાખલ કરેલ છે. અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે, અરજદારની રીકવરી (સી–૨) અરજી નં.૯/૨૦૨૪ થી ચાલુ હતી જેમાં નામદાર અદાલતે તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ રીકવરી અરજી મંજુર કરેલ છે અને અરજદારને તા.૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીના પડેલા દિવસોના ૬૪ માસના ૫૦ટકા રકમ રૂા.૩,૨૭,૯૪૮/– તથા અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– અલગથી ચુકવી આપવા હુકમ કરેલ છે. અરજદારે સામાવાળાને હુકમ મુજબની રકમ ચુકવી આપવા તા.૧૪/૧૧/૨૫ના રોજ પત્ર મોકલેલ તેમ છતાં સામાવાળાએ આજદીન સુધી નિયત સમય મર્યાદામાં અરજદારને કોઈ જ રકમ ચુકવી આપેલ નથી. વધુમાં અરજદારની રીકવરી (સી–૨) અરજી નં.૯/૨૦૨૪ માં નામદાર અદાલતે કરેલ હુકમ મુજબના તા.૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીના પડેલા દિવસોના ૬૪ માસના ૫૦ટકા રકમ રૂા.૩,૨૭,૦૪૦/– તેમજ અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– મળી કુલ રૂા.૩,૩૨,૦૪૦/– સામાવાળા પાસે થી લેન્ડ રેવન્યુ રાહે વસુલાત થવા સારૂ પાટણ જીલ્લા કલેકટરશ્રી, જીલ્લા કલેકટર કચેરી, મહેસાણા ઉપર રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માંગણી કરેલ છે.

(૨) આ કામમાં અરજદારે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી રીકવરી (સી–૨) અરજી નં.૯/૨૪ ના ચુકાદાની નકલ, અરજદારે સામાવાળાને મોકલેલ વિનંતી પત્ર, વિનંતી પત્ર મોકલેલ તે બદલની પોસ્ટમાં પૈસા ભર્યાની રસીદની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામના સામાવાળાને આંક–૫,૬ તથા ૭ થી નોટીસો કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાને બજી ગયેલ હોવા છતાં સામાવાળા હાજર ન રહેતા અત્રેની અદાલત દ્વારા આંક–૮ થી હાથબીડોથી નોટીસ બજાવવામા આવેલ છે જે નોટીસ સંસ્થાના અધિકારીએ સ્વીકારેલ છે તેમ છતાં સામાવાળા તરફે હાજર રહી અરજદારની અરજી વિરૂધ્ધ જવાબ રજુ ન કરતા અરજદારે આંક–૯ ની અરજી અન્વયે સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ અરજદારની દલીલો પર રહેલ. આ કામે અરજદાર તરફે વિ.પ્રતિનિધિશ્રીનાઓએ મુખ્યત્વે તેઓની અરજી મુજબની દલીલો કરેલ છે જે ધ્યાને લીધેલ છે. જયારે સામાવાળા તરફે મુદતમાં હાજર રહેવા અનેક તકો આપવા છતાં આજદીન સુધી હાજર ના રહેતા સામાવાળાની દલીલોનો હકક બંધ કરી સદર કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદારની અરજી જોતાં અરજદારે હાલની રીકવરી સર્ટીફીકેટ અરજી રીકવરી (સી–૨) અરજી નં.૯/૨૦૨૪ના કામે તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ કરેલ હુકમ મુજબના નાણાં વસુલ અપાવવા માટે રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવા માટે કરેલ છે. અરજદારે તેમની અરજી સાથે રીકવરી (સી–૨) અરજી નં. ૯/૨૦૨૪ ના ચુકાદાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ ચુકાદો જોતા તેમાં સામાવાળા વિરૂધ્ધ હુકમ કરવામાં આવેલ છે. તેમાં અરજદારને તા.૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીના પડેલા દિવસોના ૬૪ માસના ૫૦ટકા રકમ રૂા.૩,૨૭,૦૪૦/– તેમજ અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– મળી કુલ રૂા.૩,૩૨,૦૪૦/– ચુકવી આપવા તેવો સામાવાળાને હુકમ કરેલો છે. આ કામના અરજદારના જણાવ્યા મુજબ સામાવાળાએ આજદીન સુધી હુકમ મુજબના કોઈ નાણાં ચુકવી આપેલ નથી કે નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી. તેમજ સામાવાળાએ આજદીન સુધી આ હુકમના વિરૂધ્ધમાં કોઈ કાર્યવાહી કરેલ હોય કે કોઈ પરચુરણ અરજી કરેલ હોય કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ હોય તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ કામે સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલી છે જે તેઓને બજી ગયેલ છે. તેમ છતાં સામાવાળાએ હાજર રહી અરજદારે જણાવેલી હકીકતોનો ઈન્કાર કરેલ નથી કે સામાવાળાએ અરજદારની અરજી વિરૂધ્ધ કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. આમ જયારે સામાવાળાએ કોઈ જવાબ જ રજુ કરેલ ન હોય ત્યારે અરજદારે તેઓની અરજીમાં માંગ્યા મુજબની રકમ રૂા.૩,૩૨,૦૪૦/– સામાવાળા અરજદારને ચુકવી જવાબદાર હોવા છતાં ચુકવી આપેલ નહી હોવાનું તેમજ અન્ય એપેલેટ ઓથોરીટીમાં અપીલ કરેલ હોવાનું જણાતુ નથી. આ કામે સામાવાળાએ હાજર થઈ અરજદારને હુકમ મુજબના નાણાં ચુકવી આપેલ હોય તે બતાવતો કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ

નથી. એટલુ જ નહી સામાવાળાએ રીકવરી (સી–ર) અરજી નં.૯/૨૦૨૪ ના કામે થયેલ હુકમ કોઈપણ સક્ષમ અદાલત સમક્ષ પડકારેલ હોય, તેવો હુકમ રદ કરવામાં આવેલ હોય અથવા તો તેવા હુકમની અમલ બજવણી મોકુફ કરવામાં આવેલ હોય તે બતાવતો એકપણ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં રીકવરી (સી–ર) અરજી નં.૯/૨૦૨૪ ના કામે તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આજે પણ અમલમાં છે તેવું અત્રેની અદાલત માને છે. તેથી અરજદાર તેવા નાણાં સામાવાળા પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે તેમછતાં સામાવાળાએ અરજદારને તેવા નાણાં ચુકવી આપેલ નથી. તેથી નાણાં વસુલ મેળવવા માટે સક્ષમ ઓથોરીટીને રીકવરી સર્ટીફીકેટ કાઢી આપ્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. રીકવરી (સી–ર) અરજી નં.૯/૨૦૨૪ ના કામે તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ મુજબ બાકી લેણાં રૂા.૩,૨૭,૦૪૦/– તથા અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– મળી કુલ રૂા.૩,૩૨,૦૪૦/– સામાવાળા પાસેથી વસુલ મેળવવા રીકવરી સર્ટીફીકેટ કાઢવું જોઈએ તેવું અત્રેની અદાલત માને છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) હાલના અરજદારને સામાવાળા સંસ્થા પાસેથી રીકવરી (સી–ર) અરજી નં.૯/૨૦૨૪ ના કામે તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ કરેલ હુકમ મુજબ તા.૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીના પડેલા દિવસોના ૬૪ માસના ૫૦ ટકા રકમ રૂા.૩,૨૭,૦૪૦/– તથા અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– મળી કુલ રૂા.૩,૩૨,૦૪૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ બત્રીસ હજાર ચાલીસ પુરા) લેન્ડ રેવન્યુ રાહે વસુલ અપાવવા જિલ્લા કલેકટરશ્રી, પાટણ ઉપર રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવું તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭ માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તા.૧૭/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.